# ફેનેસ્ટાએ અમદાવાદમાં એનો રિટેલ શોરૂમ ખોલ્યો

ભારતમાં બારી અને બારણાઓની સૌથી મોટી બ્રાન્ડ તથા એનાં સેગમેન્ટમાં માર્કેટ લીડર ફેનેસ્ટાએ વધુ એક નવો શોરૂમ ખોલવાની સાથે એનાં રિટેલ વિસ્તરણની કામગીરીને આગળ વધારી છે. આ એક્સક્લૂઝિવ શોરૂમ એએસ સ્ટુડિયો એ/૦૨, એલાન્ઝા ક્રેસ્ટ, સિગ્મા હાઉસની પાછળ, બોડકદેવ, અમદાવાદમાં સ્થિત છે તથા અહીં શ્રેષ્ઠ યુપીવીસી વિન્ડોઝ અને ડોર્સ ઉપલબ્ધ છે.

ફેનેસ્ટાનાં બિઝનેસ હેડ શ્રી સાકેત જૈને નવો શોરૂમ શરૂ કરવાનાં પ્રસંગે કહ્યું હતું કે, "અમને અમારાં બ્રાન્ડનાં વારસા પર ગર્વ છે અને ગ્રાહકોને અમારી શ્રેષ્ઠ ક્ષમતા મુજબ ઉત્પાદનો પૂરાં પાડવાનો પ્રયાસ કરવા આતુર છીએ. શોરૂમ અમારાં માટે આવશ્યક માધ્યમ છે, જેનાં થકી ગ્રાહકો



પ્રોડક્ટની ગુણવત્તા, ઉત્કૃષ્ટ સેવા અને બ્રાન્ડનાં અનુભવ પર ધારણા બનાવે છે અને એને બળ મળે છે. આ માટે ફેનેસ્ટા પ્રોડક્ટમાં નવીનતા લાવવાની સાથે શોરૂમની સંખ્યામાં વધારો કરી રહી છે. અમારો બારીબારણાની અનેક ડિઝાઈનો અને સ્ટાઈલ ધરાવતો વિવિધતાસભર પોર્ટફોલિયો અમારાં ગ્રાહકોને પસંદગી કરવા માટે પુષ્કળ વેરાઈટી આપે છે.